**Enrollment No:** ______________________ **Exam Seat No:**______________________

# C.U.SHAH UNIVERSITY

## Summer Examination-2019

**Subject Name: Company Accounts-I**
**Subject Code: 4CO03COA1** **Branch: B.Com. (Gujarati)**
**Semester: 3** **Date: 20/03/2019** **Time: 02:30 To 05:30** **Marks: 70**

Instructions:
(1) Use of Programmable calculator & any other electronic instrument is prohibited.
(2) Instructions written on main answer book are strictly to be obeyed.
(3) Draw neat diagrams and figures (if necessary) at right places.
(4) Assume suitable data if needed.

---

**Q-1** **Attempt the following questions:** **(14)**

a) રિડીમેબલ પ્રેફરન્સ શેર એટલે શું ? (1)
b) મૂડી ઘટાડો એટલે શું ? (1)
c) હિસાબી ધોરણ નં .15 નું નામ આપો . (1)
d) જામીનગીરી પ્રીમિયમ નો અર્થ આપો . (1)
e) હિસાબી ધોરણ નં .12 નું નામ શું છે ? (1)
f) શેર બાંયધરી કરારનો અર્થ સમજાવો . (1)
g) વચગાળાનું ડિવિડન્ડ કોને કહેવાય ? (1)
h) નિશાની વગરની અરજીઓનો અર્થ સમજાવો . (1)
i) લઘુતમ ભરણું શું છે ? (1)
j) ભંડોળનો અર્થ સમજાવો . (1)
k) ડિવિડન્ડ એટલે શું ? (1)
l) “ CDT ” નું પૂરું નામ લખો . (1)
m) નહિ ચૂકવાયેલ ડિવિડન્ડ એટલે શું ? (1)
n) નિશાનીવાળી અરજીઓનો અર્થ આપો . (1)

**Attempt any four questions from Q-2 to Q-8**

**Q-2** **(14)**

A લિ . ના તા . 31 માર્ચ ,2018 નાં રોજના કાચા સરવૈયામાંથી નીચેની વિગતો લેવામાં આવી છે :

| વિગતો | ઉધાર રૂ. | જમા રૂ. |
|---|---|---|
| આવકવેરાની જોગવાઈ (1-4-2017) | - | 20,000 |

| | | |
|---|---|---|
| અગાઉથી ચૂકવેલ આવકવેરો (1-4-2017) | 15,000 | - |
| અગાઉથી ચૂકવેલ આવકવેરો -ચાલું વર્ષે ચૂકવેલ | 20,000 | - |
| મૂળ સ્થાનેથી કાપી લીધેલ આવકવેરો | 1,500 | 2,500 |
| નફા નુકશાન ખાતું (1-4-2017) | - | 30,000 |

ગયા વર્ષ 2016-17 ની આવકવેરાની આકારણી ચાલુ વર્ષે પૂરી થઈ હતી અને આવકવેરાની જવાબદારી રૂ . 22,000 નક્કી કરવામાં આવી હતી .કંપનીનો ચાલું વરસનો નફો રૂ . 50,000 હતો અને કંપની 50% લેખે આવકવેરો ચૂકવે છે .

ઉપરની વિગતો પરથી યોગ્ય ખાતા બનાવો અને કંપની ના વાર્ષિક હિસાબોમાં તેની અસર દર્શાવો .

**Q-3** **(14)**

**R** લિ . ના તા . 31-3-2018 ના કાચા સરવૈયાની અમુક બાકીઓ નીચે મુજબ છે :

| વિગત | રૂ. |
|---|---|
| ઇક્વિટી શેરમૂડી ( 2,000 શેર , દરેક રૂ . 100 નો ) | 2,00,000 |
| રિડીમેબલ પ્રેફરન્સ શેરમૂડી ( 1,000 શેર , દરેક રૂ . 100 નો શેરદીઠ રૂ .75 ભરાયેલા . ) | 75,000 |
| સામાન્ય અનામત | 60,000 |
| જામીનગીરી પ્રીમિયમ | 25,000 |
| બેન્ક સિલક | 2,00,000 |

કાયદાની જરૂરી જોગવાઈનું પાલન કરીને કંપની રિડીમેબલ પ્રેફરન્સ શેર 5% પ્રીમિયમ થી પરત કરવાનું નક્કી કરે છે .જરૂરી રકમ નાં નવા ઇક્વિટી શેર મૂળ કિમતે બહાર પાડવામાં આવે છે . હિસાબી ચોપડામાં નવા બહાર પાડવાના થતા શેર અંગે અને શેર પરત અંગે આમનોંધ લખો .

**Q-4** **Attempt all questions** **(14)**

**(a)** રિડીમેબલ પ્રેફરન્સ શેર નાં નાણા પરત કરવા અંગેની કંપની ધારાની જોગવાઈઓ સમજાવો . **(7)**

**(b)** કંપની ધારા ,2013 મુજબનું કાલ્પનિક આંકડાઓ સાથેનું પાકું સરવૈયું તૈયાર કરો . **(7)**

**Q-5** **Attempt all questions** **(14)**

**(a)** તા . 31-3-2018 નાં રોજ **Q** લી . ની ભરપાઈ થયેલી મૂડી રૂ . 10 નો એક **(7)**

એવા 1,00,000 પૂરેપૂરા ભરપાઈ થયેલ ઇક્વિટી શેરોની બનેલી હતી .તેનાં ચોપડે રૂ . 60,000 પાઘડી હતી , જે કિંમત વગરની હતી . નફા નુકશાન ખાતા ની ઉધાર બાકી રૂ . 1,00,000 હતી , અને પ્લાન્ટ અને મશીનરીની કિંમત રૂ . 5,00,000 હતી , જેની સાચી કિંમત ડીરેકટરોએ ફક્ત રૂ . 4,00,000 આંકી હતી .

કંપનીએ તા . 1-4-2018 નાં રોજ કંપની ધારા , 2013 ની કલમ 66 અનુસાર ખાસ ઠરાવ દ્વારા શેરદીઠ રૂ . 3 ઘટાડવાનો , ખોટ અને પાઘડીની કિંમત માંડી વાળવાનો અને પ્લાન્ટ તથા મશીનરી તેની સાચી કિંમતે દર્શાવવાનો નિર્ણય કર્યો . આ માટે ટ્રીબ્યુનલ ની પરવાનગી મળી ગઈ .

ઉપરના વ્યવહારો નોંધવા આમનોંધ લખો .

**(b)** શેરમૂડી ઘટાડા ની પદ્ધતિઓની ચર્ચા કરો . **(7)**

**Q-6** **Attempt all questions** **(14)**

**(a)** શેરમૂડી ઘટાડા નાં કારણોનું વર્ણન કરો . **(7)**

**(b)** **O લિમિટેડે** 60,000 શેર બહાર પાડ્યા છે . જેનાં માટે નીચે મુજબ શેર બાંયધરી આપી છે : **(7)**

A: 30,000 શેર , B: 20,000 શેર, C: 10,000 શેર .

આ ઉપરાંત ત્રણેયે નીચે મુજબ નિશ્ચિત બાંયધરી માટે અરજી કરી છે .

A: 5,000 શેર, B: 3,000 શેર, C: 3,000 શેર .

કંપનીને નિશ્ચિત બાંયધરી સિવાય 40,000 શેર માટે અરજી મળી છે , જે પૈકી નીશાનીવાળી અરજીઓ 30,000 શેર માટેની હતી , જે નીચે પ્રમાણે હતી :

A: 12,000 શેર, B: 10,000 શેર, C: 8,000 શેર .

દરેક બાંયધરી દલાલની જવાબદારી નક્કી કરો . નિશ્ચિત બાંયધરી અંગે તેમને કોઈ રકમ જમા આપવામાં આવતી નથી .

**Q-7** **Attempt all questions** **(14)**

**(a)** શેર બાંયધરી કરાર નાં પ્રકારો સમજાવો . **(7)**

**(b)** શેર બાંયધરી નાં ફાયદાઓ ની ચર્ચા કરો . **(7)**

**Q-8** **Attempt all questions** **(14)**

**(a)** રોકાણ અંગેના હિસાબો અંગેનું હિસાબી ધોરણ સમજાવો . **(7)**

**(b)** સંયોજન નાં હિસાબો અંગેના હિસાબી ધોરણ ની ચર્ચા કરો . **(7)**